તાપમાન
મહત્તમ : ૪૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૧૬ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૬૫ | ૧૬ મે, ૨૦૧૬, સોમવાર ; વૈશાખ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## કેરળમાં મોનસુન ૭મી જૂન સુધી પહોંચવાની આગાહી

નવી દિલ્હી,તા. ૧૫

ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)એ કહ્યું છે કે, આ વખતે મોનસુનની એન્ટ્રીમાં છ દિવસ સુધીનો વિલંબ થઈ શકે છે. દક્ષિણ પશ્ચિમ મોનસુન ૭મી જૂનના દિવસે કેરળમાં એન્ટ્રી કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. વિભાગનું કહેવું છે કે, મોનસુનની એન્ટ્રીની તારીખમાં ચાર દિવસ આગળ અથવા પાછળ થઈ શકે છે. કેરળમાં મોનસુનની એન્ટ્રી ભારતીય પેટાખંડમાં તેના આવવાની સૂચનાની જેમ હોય છે. સામાન્યરીતે અહીં રાહતની શરૂઆત માટેની તારીખ પહેલી જૂનની આસપાસની રહે છે.


એજન્ટ જોઈએ છે
કીચેન • મનીપર્સ માટે
આકર્ષક કમીશન
મહિને ૧૫ થી ૨૦,૦૦૦ કમાવો
ટી.કે. આર્ટ કોર્નર, અમદાવાદ
9825845060

સ્વચ્છ ગુજરાત, નિર્મળ ગુજરાત
પરદેશ પાર્સલ સેવા
www.chipsairexp.com
CHIPS Express Pvt Ltd
10+ U.K. : 170/-
30+ U.S.A. : 260/-
30 + CANADA : 340/-
કેરી અને કેરીનો રસ મોકલી આપશું
પ્રિતી મોલ, એફ-૨, સીટીમોલ-૨ સામે, કલોલ
M.: 9227706105, 9898036257
અટારીયા, ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsairinternational@yahoo.co.in


# આજે તમિળનાડુ, કેરળ અને પોંડીચેરીમાં મતદાન

### ત્રણેય રાજ્યોમાં મતદારોમાં મતદાનને લઇને ભારે ઉત્સાહ : તમિળનાડુમાં જયલલિતા સહિતના ચાર મુખ્યમંત્રી પદના દાવેદારના ભાવિ સીલ : તમિળનાડુમાં ૨૩૪, કેરળમાં ૧૪૦, પુડુચેરીમાં ૩૦ સીટ માટે મતદાન



નવીદિલ્હી,તા. ૧૫

તમિળનાડુ, કેરળ અને પુડુચેરીમાં આવતીકાલે વિધાનસભાની ચૂટણી માટે મતદાન યોજનાર છે. ચૂંટણીને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા ચૂંટણી પંચે સાવચેતીના તમામ પગલા લીધા છે. લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. તમિળનાડુમાં ૨૩૪, કેરળમાં ૧૪૦ અને પુડુચેરીમાં ૩૦ વિધાનસભા બેઠકો માટે આવતીકાલે મતદાન યોજનાર છે. તમામ મતદાન કેન્દ્રો પર પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો રહેશે. તમામ ત્રણેય રાજ્યોમાં રેકોર્ડ ઉંચુ મતદાન થવાની શક્યતા દેખાઈ રહી છે. આસામ અને પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે. હવે

તમામ જગ્યાએ ૧૯મીએ પરિણામ જાહેર કરવામાં આવનાર છે. તમિળનાડુ, કેરળ અને પુડુચેરીમાં વિધાનસભાની ચૂંટણી માટે ચૂંટણી પ્રચારનો ગઈકાલે અંત આવી ગયો હતો. ત્રણેય રાજ્યોમાં આવતીકાલે મતદાન યોજાનાર છે. તમિળનાડુમાં ૨૩૪ વિધાનસભા બેઠક પર મતદાન યોજાશે. રાજ્યમાં પાંચ કરોડ ૭૯ લાખ મતદારો મુખ્યમંત્રી પદના ચાર દાવેદાર સહિત ૩૭૭૬ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે તૈયાર દેખાઈ રહ્યા છે જે ચાર મુખ્યમંત્રી પદના દાવેદાર છે તેમાં જયલલિતા, કરુણાનિધિ, કે વિજયકાંત અને પીએમકેના અંબુમણિ રામદોસનો સમાવેશ થાય છે. ચૂંટણી પ્રચારનો અંત શનિવારે સાંજે પાંચ વાગે આવી ગયો હતો. રાજ્યમાં બહુપક્ષિય ચૂંટણી થઈ રહી છે. અન્નાદ્રમુક ડીએમકે, ભાજપ, પીએમકે ચૂંટણીમાં મેદાનમાં છે.

## હાઈસ્પીડ ટ્રેનના ટ્રાયલ માટે ટેસ્ટ ટ્રેક બનાવવાની તૈયારી



### હાઈસ્પીડ ટ્રેનના ટ્રાયલ માટે રાયપુરની નજીક આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ૨૦ કિલોમીટર લાંબી ટ્રેક

નવી દિલ્હી,તા. ૧૫

ભારતીય રેલવે માટે પ્રથમ વખત હાઈસ્પીડ ટ્રેન માટે ટ્રાયલના ભાગરુપે ટેસ્ટ ટ્રેકની ગોઠવણી કરવામાં આવી રહી છે. ભારતીય રેલવે હવે અતિઆધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને હાઈસ્પીડના ટ્રાયલ માટે રાયપુર નજીક ૨૦ કિલોમીટરના પટ્ટા પર ટેસ્ટટ્રેક બનાવશે. યોજનાને આગળ વધારતા પહેલા ટેસ્ટ કરવામાં આવશે. હાલમાં નવી ટ્રેનોની ટ્રાયલ પ્રવર્તમાન રેલવે ટ્રેક ઉપર ચાલી રહી છે જેના પરિણામ સ્વરુપે ટ્રાફિકમાં અડચણો આવી રહી છે. તમામ પ્રકારની ટેસ્ટની સ્થિતિ માટે હાલના ટ્રેક પુરતીરીતે સક્ષમ નહીં હોવાની વિગત પણ રેલવે મંત્રાલયના અધિકારીઓ આપી ચુક્યા છે. ટેસ્ટ ટ્રેક અમેરિકા, જાપાન, દક્ષિણ કોરિયા સહિતના દેશોમાં નવી ટ્રેનોના ટ્રાયલ રન માટે ઉપયોગ કરવામાં આવે છે.

# સ્વદેશી સ્પેશ શટલ ટૂંકમાં જ લોંચ કરાશે

### ઇસરો ઐતિહાસિક સિદ્ધિ મેળવવાની દિશામાં : ટેકનોલોજી સફળ રહેશે તો અંતરિક્ષમાં પ્રક્ષેપણના ખર્ચને ૧૦ ગણા સુધી ઘટાડવામાં સફળતા : હાલ ઇસરો વ્યસ્ત

તિરુવંતનપુરમ,તા. ૧૫

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો) હવે નવા ઈતિહાસની દિશામાં છે. ઈસરો મોટી હરણફાળ ભરીને મેડ ઈન ઈન્ડિયા સ્પેશ શટલ લોંચ કરવાની તૈયારીમાં છે. ઈસરોએ એકપછી એકઅનેક સિદ્ધીઓએ હાંસલ કરી છે. આ દિશામાં આગળ વધીને તે સ્પેશ શટલના સ્વદેશી સ્વરૂપને લોંચ કરવાની તૈયારીમાં છે. આ સંપૂર્ણપણે મેડ ઈન ઈન્ડિયા રહેશે. એક એસયુવીના વજન અને કદવાળા આ સ્પેશ શટલને આજે રવિવારના દિવસે શ્રીહરિકોટા ખાતે અંતિમ રૂપ આપવામાં આવ્યા બાદ હવે લોંચ પહેલા કાઉન્ટડાઉન શરૂ કરવામાં આવનાર છે. મોટા દેશ ફરીથી ઉપયોગ કરી શકાય તેવા યાનના વિચારને ફગાવી ચુક્યા છે.

આવી સ્થિતીમાં ભારતના એન્જિનિયર માને છેકે ઉપગ્રહોને તેની પરિભ્રમણ કક્ષામાં સ્થાપિત કરવા માટે ખર્ચને ઘટાડી દેવા માટે ઉપાય એ છે કે રોકેટને ફરીવાર ઉપયોગ કરવા લાયક બનાવી દેવામાં આવે.











